વાડજ પો.સ્ટે.એ. ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૩૨૫૦૬૭૦/૨૦૨૫ ધી બી.એન.એસ. કલમ–૧૧૫(૨), ૧૧૭(૨),૫૪ તથા ગુજરાત નાણા ધીરધાર અધિનીયમની કલમ–૪૦,૪૨ તથા જી.પી.એકટ કલમ–૧૩૫(૧) ના ગુનાના કામે આરોપી (૧)રાજેશ ઉર્ફે રાજુ સ/ઓ મંગાજી હીરાજી ઠાકોર તથા (૨)દિપક ઉર્ફે સર્કીટ સ/ઓ ગાંડાજી માધાજી ઠાકોર, રહે: અમદાવાદ નાઓની જામીન અરજી લગત હુકમ.

---

(૧) જામીન અરજી વંચાણે લીધી. ફરિયાદ હકીકત ધ્યાને લીધી. આરોપીના વિ.વ.શ્રી તેમજ ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી./ત.ક.અ. ને સાંભળ્યા.

(૨) આરોપી મુખ્યત્વે પોતાની મૌખિક દલીલમાં જણાવે છે કે, આરોપી નિર્દોષ છે તેણે કહેવાતો ગુનો કરેલ નથી. આરોપીના આ અગાઉ કોઈ ગુનામાં સંડોવાયેલ નથી. આરોપી સ્થાનિક રહેવાસી છે કયાંય નાસી – ભાગી જાય તેમ નથી અને કોર્ટ જે શરતો ફરમાવે તેનું પાલન કરવા તૈયાર છે. વધુમાં જણાવે છે કે આરોપી ગરીબ છે અને તેના ઉપર પરિવારના ભરણપોષણની જવાબદારી છે અને તેના ઉપર પરિવારના ભરણપોષણની જવાબદારી છે. આમ, આરોપીને જામીન મુકત કરવામાં રજુઆત કરેલ છે. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી આરોપીને જામીન મુકત કરવા સામે વાંધો લેતા જણાવે છે કે, આમ, આરોપી સામે ગંભીર પ્રકારના બિન જામીનલાયક ગુનાનો આક્ષેપ છે તેમજ આરોપી ને જામીનમુકત કરવામાં આવશે તો તે ફરીથી આવા ગુનાઓ કરશે જેથી આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૩) જામીન અરજીનો નિર્ણય કરતી વખતે મુખ્યત્વે ના. ઉચ્ચતર અદાલતના સંજય ચંદ્રા વિરૂધ્ધ સી.બી.આઈ.૨૦૧૨ (૧) જી.એલ.એચ તરફે વિ.વ.શ્રી એ મુ.૯૩ ના પ્રસ્થાપિત સિધ્ધાંતો તેમજ તેમાં ટાંકેલ અન્ય ચુકાદા ઓના હાર્દને ધ્યાને લેતા આરોપીની ટ્રાયલ સમયે હાજરીની શકયતા સાક્ષીઓને તથા તેના પુરાવાને થનાર અસર, તપાસ અને સમગ્ર ટ્રાયલ ઉપર થનાર અસર સહિતના વિવિધ પાસા ધ્યાને લઈ જામીન અરજીનો નિર્ણય કરવાનો રહે છે. જામીન પાછળનો મુખ્ય હેતુ ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી સિકયોર કરવાનો છે. જેથી રેકર્ડ પર રજૂ હકીકતો આક્ષેપિત ગુના અંગે સંભવિત સજાની જોગવાઈ ધ્યાને આરોપીને યોગ્ય તે શરતોને આધીન જામીન મુકત કરવાથી ન્યાયનું હિત જળવાય તેમ જણાતુ હોય જામીન અરજી લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :– હુકમ :–

આરોપીની જામીન અરજી મંજૂર કરવામાં આવે છે. દરેક આરોપીએ રૂા. ૧૫,૦૦૦/– (પંદર હજાર પૂરા/–) ના જામીન તેમજ તેટલી જ રકમના જાત મચુરકા રજૂ કર્યથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

શરતો:–

(૧) આરોપી/ઓએ ફરિયાદ પક્ષના સાહેદોને ધાકધમકીથી આપવી નહી.

(૨) આરોપી/ઓએ પોતાના રહેઠાણનું કાયમી તેમજ હાલનું સરનામું પોતાના ઓળખના પુરાવા સાથે તેમજ કોન્ટેકટ નંબરની વિગતો સાથે અલગ પુરસીસથી રજૂ કરવુ તેમજ કોર્ટની પરવાનગી વિના સરનામાંમાં ફેરફાર કરો નહી.

(૩) આરોપી/ઓએ ટ્રાયલ દરમ્યાન નિયમિત હાજર રહેવું.

(૪) આરોપી/ઓએ જામીન મુકત થયા બાદ પોતાની સ્વતંત્રતાનો ગેરલાભ ઉઠાવવો નહી કે કોઈ ગુનાહિત પ્રવૃતિ આચરવી નહી.

ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતોનો ભંગી થયેથી જામીનનો હુકમ આપોઆપ રદ થયેલ ગણાશે.

હુકમ આજરોજ તારીખ ૨૨, માહે: સપ્ટેમ્બર, સન ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાં ચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૨/૦૯/૨૦૨૫
અમદાવાદ.

(મનીષ ભરતભાઈ નિમાવત)
૬ ઠ્ઠા એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર.( કોર્ટ નં.૨૦)